RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૭૦૭, તા.૨૭–૩–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળાની તા. ૦૯–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મોજે સીંગણપોર, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત પ્રિ.ટી.પી. સ્કીમ નં. ૨૬(સીંગણપોર) રે.સ.નં.૪, ફા.પ્લોટ નં.૫ તથા રે.સ.નં.૧૦માં સુરત મહાનગરપાલિકાના દફતરે હાલમાં પોઝીશન શું છે ? તેની વિગતવાર માહિતી દર્શાવતા નકશાની નકલ આપવી જેમાં કાયદેસર અને ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય, તો તેના માપ સહિત કેટલું બાંધકામ કાયદેસર અને કેટલું બાંધકામ ગેરકાયદેસર છે ? તે માર્કિંગ સહિત જણાવવું વિ. મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૭/૨૦૧૧–૧૨

શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળાની તા. ૦૯–૦૨–૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) મોજે સીંગણપોર, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત સીટી પ્રિ.ટી.પી.સ્કીમ નં. ૨૬ (સીંગણપોર) રે.સ.નં. ૪, ફા.પ્લોટ નં. ૫ તથા રે.સ.નં. ૧૦ માં સુરત મહાનગરપાલિકાના દફતરે હાલમાં પોઝીશન શું છે ? તેની વિગતવાર માહિતી દર્શાવતા નકશાની નકલ આપવી જેમાં કાયદેસર અને ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય, તો તેના માપ સહિત કેટલું બાંધકામ કાયદેસર અને કેટલું બાંધકામ ગેરકાયદેસર છે ? તે માર્કિંગ સહિત જણાવવું વિ. મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ) ના પત્ર નં. વી.આઈ.ડી./ ૨૩૯૪ તા.૧૩–૩–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તેઓ કક્ષાએથી નોર્થ ઝોન ખાતે રજૂ કરેલ રીપોર્ટ તથા નોર્થ ઝોન કક્ષાએથી તે અંગે થયેલ નહીં થયેલ કાર્યવાહીની વિગત સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૨૧ તા. ૩૦–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવવા તથા નારાજગી અંગે મુદ્દાવાર, આધાર સહ વિગતો સ્પષ્ટ કરવા તેમજ આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૧ તા. ૧૧–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, પત્ર નં.નં.એન.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૮૩૨૬ તા. ૨૭–૨–૧૨ થી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૪૪૫ તા. ૦૧–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/૮૬૦૨ તા. ૬–૩–૧૨ થી નાણા ભરી મેળવેલ માહિતીના પત્રની નકલ એ મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૩૨૭ તા. ૩–૫–૧૨ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૮૩૨૬ તા. ૨૭–૨–૧૨ થી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૨૩૯૪ તા. ૧૩–૩–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૭–૪–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૯–૨–૧૨ ની અરજીથી મોજે સીંગણપોર, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત સીટી પ્રિ. ટી.પી.સ્કીમ નં. ૨૬ (સીંગણપોર) રે.સ.નં. ૪, ફા.પ્લોટ નં. ૫ તથા રે.સ.નં. ૧૦ માં થયેલ કાયદેસર/ગેરકાયદેર

ચાલતાં બાંધકામ બાબતની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જે કતારગામઝોન તરફથી નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૩૨૬ તા. ૨૭–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ વીજીલન્સને અંશતઃ તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે અરજી સંબંધે આજ દિન સુધી પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી તેવું જણાવી તા. ૨૭–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૪૪૫ તા. ૧–૩–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/ આ.નં.૨૩૯૪ તા. ૧૩–૩–૧૨ થી મુદ્દા નં.૨ અને ૬ અંગે નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) મોજે સીંગણપોર, તાલુકો સુરત સીટી, જિલ્લો સુરત સીટી પ્રિ.ટી.પી.સ્કીમ નં. ૨૬ (સીંગણપોર) રે.સ.નં. ૪, ફા.પ્લોટ નં. ૫ તથા રે.સ.નં. ૧૦ માં સુરત મહાનગરપાલિકાના દફતરે હાલમાં પોઝીશન શું છે ? તેની વિગતવાર માહિતી દર્શાવતા નકશાની નકલ આપવી જેમાં કાયદેસર અને ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય, તો તેના માપ સહિત કેટલું બાંધકામ કાયદેસર અને કેટલું બાંધકામ ગેરકાયદેસર છે ? તે માર્કિંગ સહિત જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી મોજે સીંગણપોર રે.સ. નં.૪ અને ૧૦ નો સમાવેશ પ્રિ. ટી.પી. સ્કીમ નં.૨૬ (સીંગણપોર) માં થાય છે. જેના પાર્ટ પ્લાનની ઝરોક્ષ નકલ માટે રૂા.૨/– ભરપાઈ કરવાના રહે છે. તેવુંમુજબ અરજદારનું નામ કે ફરીયાદની નકલ આપી શકાય નહીં જણાવેલ છે.

મુદ્દા નં.(૨)ઉપરોકત જણાવેલ બને સર્વે નંબરવાળી જગ્યામાં કાયદેસર અથવા તો ગેરકાયદેસર કરવામાં આવેલ બાંધકામ સંબધિત સુમપા સાથે કોઈ પણ અરજદાર ધ્વારા કરવામાં આવેલ પત્ર વ્યવહાર કે ફરીયાદ અરજીની નકલ આપવી તેમજ તે ફરીયાદ કે અરજીના સંદર્ભમાં સુમપા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે? તેની વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી ફરીયાદ અરજીની નકલ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની નકલ માટે રૂા. ૭૮/– ભરપાઈ કર્યેથી નકલ આપવામાં આવશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(જી) મુજબ અરજદારનું નામ કે ફરીયાદની નકલ આપી શકાય નહી. સદર અરજી સંદર્ભે સદર બાંધકામની તપાસ કરી તે અંગેનો રીપોર્ટ સક્ષમ સત્તાના આદેશાનુસાર ઘટતી કાર્યવાહી કરવા પત્ર નં.વીઆઈડી/૨૧૩૧ તા. ૩૦–૩–૧૨ થી નોર્થઝોનમાં રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૩) ઉપરોકત જણાવેલ બને સર્વે નંબરવાળી જગ્યામાં કરવામાં આવેલ કોઈ પણ પ્રકારના બાંધકામની પરવાનગી લાગત ખાતાએ આપી છે કે કેમ? જો આપી હોય તો રજાચિઠ્ઠી , પ્લાન પાસ વિગેરે દસ્તાવેજની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સદર મિલ્કતમાં સુમપા ધ્વારા બાંધકામની કોઈ પરવાનગી આપેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૪) ઉપરોકત બંને સર્વે નંબરવાળી જગ્યામાં જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તેની જાણ સુમપાના ધ્યાને આવેલ છે કે કેમ? જો આવેલ હોય તો તે અંગે સુમપા ધ્વારા શું પગલા લેવામાં આવ્યા? તેની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથીમુદ્દા નં.(૨) ના જવાબમાં વિગત સામેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૫) સુમપા ધ્વારા ઉપરોકત બાબતે કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી છે? તેમજ તે સબંધે કસુરવારોએ સુમપાને આ બાબતે શું પ્રત્યુત્તર પાઠવેલ છે? તેની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથીમુદ્દા ન.૨ ના જવાબમાં વિગત સામેલ છે તથા મિલ્કતદાર ધ્વારા પાઠવેલ જવાબની નકલ માટે રૂા. ૨૦/– ભરપાઈ કર્યેથી નકલ આપવામાં આવશે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૬) ઉપરોકત બંને સર્વે નંબરવાળી જગ્યામાં કાયદેસર/ગેરકાયદેસર બાંધકામ તેમજ તે વિષયક અન્ય બાબતે વીજીલન્સ વિભાગ ધ્વારા થયેલ કાર્યવાહીની વિગતો આપવી. તેમજ સુમપાના દફતરે સબંધિત મિલ્કતો દાખલ તયેલ હોય તો તેની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૮૩૨૬ તા. ૨૭–૨–૧૨ થી મ. જાહેર માહિતી અધિકારી અને આસી. ઈન્સ્પેશન ઓફિસરશ્રી (ટેક.) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. સદરહુ મિલ્કતના પાર્ટી સ્ટેટસની નકલ મેળવવા માટે નકલ દીઠ રૂા ૨ લેખે કુલ ૨૧ નકલના રૂા.૪૨/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી સદર સર્વે નંબરોની મિલ્કતના બાંધકામ અંગે તપાસ કરી તે અંગેનો રીપોર્ટ સક્ષમ સત્તાના આદેશાનુસાર ઘટતી કાર્યવાહી કરવા પત્ર નં.વીઆઈડી/૨૧૩૧ તા. ૩૦–૩–૧૧ થી નોર્થઝોનમાં રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે તેમના તા. ૭–૪–૧૨ ના પૂરક પત્રથી મુદ્દા નં.૧ માં કાયદેસર અને ગેરકાયદેસર બાંધકામ દર્શાવતા નકશાની નકલ માર્કિંગ સહિત જણાવવા અરજી કરેલ. તેના પ્રત્યુત્તરમાં ફક્ત નકશાની નકલ આપવામાં આવી છે જેમાં કેટલુ બાંધકામ કાયદેસર/ગેરકાયદેસર તે જણાવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ કાયદેસર/ગેરકાયદેસર બાબતે અરજદારને આપવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૩ માં બાંધકામની કોઈ પરવાનગી આપેલ હોવાનું જણાતું નથી તેમજ માર્કીંગના પ્રશ્ન બાબતે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની હોય છે તેથી દફતરે જે પ્રકારનો નકશો પ્રાપ્ત હોય તે માહિતી પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ નકશાની નકલ પૂરી પાડવામાં આવેલ છે. પૂરક પત્રના મુદ્દા નં.૩ માં સબંધિત સર્વે નંબરવાળી જગ્યામાં કોઈ પણ પ્રકારના બાંધકામની પરવાનગી લાગત ખાતા ધ્વારા આપવામાં આવી નથી. તેમ છતાં પણ સબંધિત વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ ના અનુસંધાને આપવામાં આવેલ નકશામાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી જે સ્પષ્ટપણે નકશામાં દર્શાવી રજુ કરવું. જેની માહિતી પૂરકના મુદ્દા નં.૧ ની વિગતે રહે છે. મુદ્દા નં.૬ માં જણાવેલ વિગતના અનુસંધાને સબંધિત વિભાગ તેમજ વીજીલન્સ વિભાગ ધ્વારા થયેલ કાર્યવાહીની વિગતો જણાવેલ નથી તેમજ વીજીલન્સ વિભાગ ધ્વારા સક્ષમ સત્તાના આદેશાનુસાર ઘટિત કાર્યવાહી કરવા શું કાર્યવાહી થઈ? નોર્થઝોનમાં કયા ઈનવર્ડ નંબરથી આ બાબતે રીપોર્ટ નોંધાવામાં આવ્યા તેની નકલ પણ આપવામાં આવી નથી ટુંકમાં વીજીલન્સ વિભાગને કરવામાં આવેલ હુકમો અને તે સંબધે વીજીલન્સ વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવામાં આવી નથી. જેમાં અરજદારે કરેલ રજૂઆત મુજબ જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી અરજદારને બાંધકામની તપાસ અંગેનો રીપોર્ટ કતારગામઝોનને કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ અરજદારને તેની વિગતો પૂરી પડાયેલ નથી. આથી અરજદારને કરેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૭–૩–૧૨ ધ્યાને લેતાં ૨૫–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૦–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અશતઃ મુદ્દા નં.૬ જાહેર માહિતી અધિકારી વીજલન્સ તરફથી શું કાર્યવાહી કરવામાં આવી તેની દફતરી ઉપલબ્ધ વિગતો અરજદારને પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), વીજલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળા,